केन्द्रीय बागवानी परीक्षण केन्द्र
गोधरा–बडौदा हाईवे वेजलपुर (गोधरा)३८९३४० (गुजरात)
Phone: Head of Station-02676-234657, 234077 (O) A. Adm. Officer-234076

## જાહેર નિવિદા નં 04/2022

## મેટાડોરની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનું આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા આઈ.સી.એ.આર.-કે.શુ.બા.સં. ના ઉપ-કેન્દ્ર કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ની મેટાડોર નં.GJ-17/T-8845 ની હરાજી માટે તારીખ 20.05.2022 ને શુક્રવારના રોજ બપોરે 12.00 કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રીત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યક્તિઓ/પાર્ટીઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ને સંબોધિત માત્ર સીલબંધ કવરમાં મેટાડોર નં.GJ-17/T-8845 ની હરાજી માટેના ભાવ દર્શાવીને અનામતની રકમ પેટે રૂ.3000/- (રૂપિયા ત્રણ હજાર પૂરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ "સી.એચ.ઇ.એસ., વેજલપુર" ના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, વેજલપુર (કોડ નં.13025) સંલગ્ન કરવાનો રહેશે. હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ના કાર્યાલય પર મુકેલ ટેન્ડર બોક્ષમાં તારીખ 20.05.2022 ના રોજ 12.00 કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે. અનામત રાશિ પ્રસ્તુત નહી કરવાની સ્થિતિમાં સીલબંધ કવરના ભાવ સ્વીકારવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ કવર તે જ દિવસે 12.30 કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યક્તિઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ મેટાડોરનું નિરીક્ષણ ઓફિસના કામકાજના દિવસો દરમ્યાન સવારના 10.00 થી સાંજના 04.00 કલાક સુધીમાં કરી શકશે. મેટાડોર "જે છે તે આ જ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે. સીલબંધ કવરમાં જેની રકમ વધારે હશે, તે હરાજીમાં સફળ થશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી વ્યક્તિઓ/પાર્ટીઓ પાન નંબર, આધાર કાર્ડ ધરાવતી હોવી જોઈએ તથા તેની પ્રમાણિત કોપી સીલબંધ કવરમાં મૂકવાની રહેશે. પાન નંબર, આધાર કાર્ડ ન ધરાવતી વ્યક્તિઓ/પાર્ટીઓ સીલબંધ કવર રજૂ કરી શકશે નહી. હરાજીમાં સફળ થયેલ વ્યક્તિ/પાર્ટીએ હરાજીની કુલ રકમના 33 ટકા રકમ હરાજીના દિવસે સ્થળ પર જમા કરાવવાની રહેશે. બાકીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામાં આવશે. કોઈપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યક્તિઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

05/05/2022

પ્ર. પ્રધાન
કે.બા.પ.કે., વેજલપુર